કાન્તિ ભટ્ટ

## પીડા મુક્તિનો સાચો માર્ગ પરબ્રહ્મપ્રાપ્તિ માટેનું જ્ઞાન-અખાભગત

આજે પીડા વગરનો કયો માનવ છે ? રામાયણના સમયમાં પણ પીડા હતી. દશરથ રાજાએ રામને વનવાસ મોકલ્યાની પીડા. પછી રામે સીતા પર શંકા કરીને વનવાસ કરાવ્યાની પીડા. ગાંધીજીએ દેશના ભાગલા સ્વીકાર્યા તેની પીડા અને આજે ૨૧મી સદીમાં એક બાજુ ગરીબીની પીડા છે, બીજી બાજુ સમૃદ્ધિની પણ પીડા છે. પણ મારે ૧૭મી સદીના અખા ભગત નામના ભક્ત કવિની પીડાની વાત કરવી છે. એ વાંચીને તમે જ નક્કી કરજો કે ચાર સદીમાં પીડાની તરેહમાં કોઇ ફેર પડ્યો છે કે નહીં ?

જેમ્સ ગ્રીક નામના ફિલસૂફ અરોગ્યશાસ્ત્રીએ કહેલું કે 'લાઇફ બિગિન્સ ઇન પેઇન એન્ડ ઓફન એન્ડઝ ઇન પેઇન.' માનવીનું જીવન કોઇની પ્રસૂતિની પીડા સાથે શરૂ થાય છે અને કેટલાકનો પીડા સાથે જીવનનો અંત આવે છે. પરંતુ માનવીના મગજનું મૃત્યુ થાય છે ત્યારે અને જન્મ થાય છે ત્યારે અને જન્મ થાય તે પહેલાં પીડાનો કોઇ સવાલ જ ઊઠતો નથી. માનવીની પીડા તેના મનની ચેતના સાથે જડાયેલી ચીજ છે એટલે ચેતના આવી કે પીડા આવી સમજો.

પાંચ વર્ષ પહેલાં મુંબઇના પૃથ્વી થિયેટર્સમાં ખાસ ખાસ પ્રેક્ષકો માટેનાં નાટકો રજૂ થતાં, તેમાં અખા ભગતનું નાટક પણ હતું. મનોજ શાહે મુઠ્ઠીભર પ્રેક્ષકો સમક્ષ ૪૦૦ વર્ષ પહેલાંના આપણા ભક્ત કવિ અખા ભગતની પીડાનું નાટક ભજવેલું. અખા ભગત તેની પીડાનો ઉકેલ પણ આપે છે. યુવા વાચકોને અખા ભગત વળી કોણ ? તેનું નાટક, તેની કથા શું સમયસરની-ટોપિકલ છે ? મારે સામો સવાલ કરવો પડે છે શું કામ નહીં ? આજે પણ અખા ભગતની વાત રેલેવન્ટ છે-સમસામયિક છે. જેતલપુર ગામેથી અમદાવાદની પોળમાં રહેવા આવીને અખો ભગત શહેરના ધનિકો માટે ઘરેણાં ઘડતા. અખા ભગત જ્ઞાતિએ-ધંધે વાણિયા-સોની હતા. ખૂબ પ્રમાળ કારીગર હતા. કોઇની પુત્રીનાં લગ્નનાં ઘરેણાં કન્યાને ઘરે જઇને ઘડે ત્યારે સગી પુત્રીનાં ઘરેણાં ઘડતા હોય તેટલા સ્નેહાળ હાથે ઘડતા.

નિકટના કે દૂરના તમામ અમદાવાદીને તે પ્રેમથી બોલાવતા. તેનાં સગાંઓ સતત ત્રાસ આપે છતાં તેમને પણ ઘણી વખત મફત ઘરેણાં ઘડી દેતા. આમ છતાં અખા ભગતને તેના આત્મીયજનો જ સતત પીડા આપી જાય છે. ઉપકાર ઉપર અપકારનો અનુભવ કરાવે છે. તેમની એ પીડામાંથી જ અખા ભગતની ૧૭મી સદીની ફિલસૂફી જન્મે છે. આજે પણ ઘણા નાસીપાસ થાય છે પછી જ ક્રૂર બને છે. અખા ભગત તો માત્ર આખાબોલા બનેછે. સમાજ પર કટાક્ષ કરે છે. સમાજ પોતે જ અનેક ખોટાં કર્મો કરે છે, પોતે જ ખોટા માર્ગે ચાલે છે અને પછી બીજો સાચા માર્ગે ચાલતો હોય તો સમાજના માન્યામાં આવતું નથી કે ૨૧મી સદીમાં વળી કોઇ સત્યને માર્ગે ચાલી શકે ? ૨૧મી સદીમાં પણ ધર્મોની રૂઢિઓ છે. હિન્દુત્વનાં રાજકીય પત્તાં છે. એ સમાજ જે પોતે જ અપરાધી છે તે સમાજના મત-મતાંતર થકી સાદો માનવી ગૂંગળાય છે. જુદા જુદા નિયમો કે બંધનો સમાજ યુવાનો પર આજેય લાદે છે. માનવી સમજણો થાય ત્યારે જ ૨૧મી સદીના સ્વતંત્ર વાતાવરણમાં માનવીનાં જજમેન્ટ કરવાના સ્વાતંત્ર્ય પર તરાપ પડે છે. મતલબ કે કંઇ બદલાયું નથી. સમાજનાં બંધનો હજી બહુધા એવાં ને એવાં છે અખા ભગતના વખતમાં ટીલાં-ટપકાં અને ભગવાં વસ્ત્રોવાળાં ટોળા હતાં. રામધૂન,કૃષ્ણધૂન, આ ધૂન કે તે ધૂન, તીર્થાટનો, કથાશ્રવણ વગેરેનાં નાટક ચાલતાં હતાં. આવા બાહ્યાચાર ઉપર અખા ભગત ભયંકર કટાક્ષ કરે છે. પણ આજે તમે ખુલ્લા મને કટાક્ષ કરી શકતા નથી. કોઇ ધાર્મિક પંથ કે ધાર્મિકનેતાની ટીકા કરી શકતા નથી. અખા ભગત સમાજ તરફથી મળતા અન્યાય અને ત્રાસથી પીડાતા પીડાતા સોની કારીગરમાંથી આત્મસૂઝથી આત્મતત્ત્વને જાણનારા ફિલસૂફ બની જાય છે. અખા ભગતનું ચરિત્ર વાંચો. પીડા જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે અને તમે નિર્મળ-તટસ્થ ભાવે પીડાના સાક્ષી બની જાઓ ત્યારે તમને નવું જ્ઞાન થાય છે.

અખા ભગતને પરબ્રહ્મપ્રાપ્તિનો વિચાર તેની પીડામાંથી જન્મે છે. એ પછી તેનાં કાવ્યો દ્વારા આપણને બ્રહ્મપ્રાપ્તિના વિચાર સુઝાડે છે. 'પરબ્રહ્મપ્રાપ્તિ' એ શબ્દ થોડોક અઘરો છે. સાદી ભાષામાં અખા ભગત કહેવા માંગે છે કે આનંદ, શાંતિ અને પરમ સુખની પ્રાપ્તિ બાહ્ય ચીજોમાં નથી. એ આનંદ તમારી અંદર જ સમાયેલો છે. જે અંદર પ્રાપ્ય છે તે તમે નાહકના

બહાર ખોળો છો. અખા ભગત કોઇ યુનિવર્સિટી શું કે સ્કૂલમાં પણ ભણ્યા નહોતા. તેણે હાર્વર્ડ યુનિવર્સિટીના ફિલોસોફી ડિપાર્ટમેન્ટનાં લેક્ચર પણ નહોતાં સાંભળ્યા છતાં તે આજના માનવીને પણ પીડામુક્તિનો ઇલાજ કામ લાગે તે રીતે સરળ માર્ગ ચીંધી ગયા છે.

આજે અંગ્રેજી માધ્યમમાં ભણતાં ગુજરાતી બાળકો અખા ભગતને નહીં જાણતા હોય, પણ નવી પેઢીનાં મા-બાપ અખા ભગતને જાણે છે ? ગુજરાતમાં અમદાવાદ,વડોદરા,રાજકોટ કે ભાવનગરમાં પૃથ્વી થિયેટરના નાટકકારને બોલાવી અખા ભગતની વાણીથી નવી પેઢીનાં બાળકોને વિદિત કરવાં જોઇએ. શ્રીમાળિ સોની જ્ઞાતિનો ગરીબ કારીગર જેનું મૂળ નામ અક્ષયકુમાર હતું તે જૂના સમયમાં અપભ્રંશ થઇ અખો બની ગયું. અક્ષયકુમારના બચપણમાં માતા પિતા ગુજરી ગયા પછી એકની એક બહેન તથા બે લગ્નો કર્યા પછી પત્નીને એક પછી એક ગુમાવી.

માનવી લાગણીના બંધન વગર જીવી શકતો નથી. સાચાં બંધનો છૂટે છે ત્યારે તે બીજા નવા લાગણીના સ્ત્રોત માટે ફાંફાં મારે છે. એ નિયમ પ્રમાણે અખો ભગત પણ નવા બંધન માટે એક માનેલી બહેન બનાવીને તેની ઉપર વહાલ વરસાવે છે. માનેલી બહેન માટે સોનાની કંઠી બનાવવાનું કામ હાથમાં લે છે. બહેને આપેલું સોનું ઓછું પડતાં અખા ભગત પંદરના ખર્ચે નવું સોનું ઉમેરીને ઘરેણું ઘડી આપે છે. રાત-દિવસ આંખો ફોડીને માનેલી બહેન માટે કંઠી બનાવી ત્યારે માનેલી બહેને જ અખાની દાનત પરશંકા ઉઠાવી. જમાનાથી કહેવત ચાલી આવે છે કે ઘડામણમાં સોની સોનું ન ચોરે તો તે સોની નહીં. અખા ભગતની ઉપર ૧૭મી સદીમાં માનેલી બહેનને અવિશ્વાસ જન્મેલો. એ સમયે રાજા તરફથી પણ અખા ભગતને અલંકારો બનાવવાનું કામ મળે છે. ઘણી પ્રમાણિકતા અને નિષ્ઠાથી કામ કર્યા છતાં અખા ઉપર સોનું ચોરીને ભેળસેળનો આરોપ આવ્યો અને જેલમાં જવાની નોબત આવી.

માતા-પિતા અને પત્નીઓના વિરહની પીડા હતી ત્યાં જ અખા ભગતની પ્રમાણિકતા ઉપર શંકા પડતાં અખો ભગત સોનીકામ છોડીને છેવટે તત્ત્વશોધન માટે આખા ભારતમાં ફરવા માંડ્યો. ઉત્તર ભારતમાં હિમાલય સુધી ગયા. તે બધી જગ્યાએ દંભનો અનુભવ થયો. જોકે ક્યાંક સારપની સરવાણી જોઇ. તે સારપમાં નાહ્યા. પ્રવાસ,ચિંતન,મનન અને સાથે કડવા અનુભવો થયા પછી એ પીડાનો અને પીડાથી મુક્ત થવાનો ઇલાજ અખો શોધે છે.

સદાય પીડામુક્ત થવા ખરો માર્ગ પરબ્રહ્મપ્રાપ્તિ માટેનું જ્ઞાન છે. જ્ઞાનની સાદી વ્યાખ્યા અખો આપે છે. જ્ઞાનને તેઓ સૂઝ, વિચાર અને અનુભવ જેવા શબ્દોથી ઓળખાવે છે. સાચા ગુરુની અનિવાર્યતા સમજે છે. આખરે અખા ભગતને લાગે છે કે માનવ પોતે જ પોતાનો ગુરુ થઇ શકે છે. આજે ૨૧મી સદીમાં આપણે નોલેજ ઇઝ પાવર કહીએ છીએ, આઇડિયાની સદી કહી છીએ. અખો ભગત તેને અનુભૂતિ કહે છે અને તેમાં આત્મચેતના જાગવાની વાત આવે છે. ઓલ રિલેશન્સ આર બેઝિકલી કોમર્શિયલ એવી કોરીધાકોર માન્યતા છતાં સંબંધો વગર ચાલતું નથી. એ સંબંધોની ઉષ્મા નિર્મળ કઇ રીતે રહે તેનું જ્ઞાન થવું જરૂરી છે.

અખાએ બહુ સરસ છપ્પો કહેલો:

એ પહેલું સમજવું જને
પછી ઘરે રહેજે કે જાજે વને
અખા રામ નથી ઘેર કે વને
જ્યાં મળે ત્યાં પોતા કને !

આજે તમારો સાચો સખા કોણ છે ? સાચો ગુરુ કોણ છે ? અખો કહે છે કે મારા જન્મોજન્મનો સાથી હું જ માત્ર છું. મારી અંદર રહેલો આત્મા મારો ગુરુ છે. આ હાથવગો ગુરુ આપણી કને-નજીક છે તે સમજવું જોઇએ. ઘણા માને છે કે હિમાલય કે જંગલમાં જવાથી ત્યાગી બનાય છે. અખો કહે છે કે તમે જાણી લો કે વનમાં કે જંગલમાં કોઇ નવરો બેઠો નથી. તમારી અંદર જ તમારો ગુરુ બેઠો છે. આધુનિક ભાષામાં પશ્ચિમના ફિલસૂફ જોન ફાઉલ્સ કહે છે If you decide for peace, love, kindness, beauty and truth, you will have it. અર્થાત્ તમે નક્કી કરી લો કે શાંતિ, પ્રેમ, દયાળુતા, સૌદર્ય અને સત્ય એ જ તમને સુખ આપી શકે તો જીવનમાં આ તત્ત્વો વણી લો અમે પીડામુક્ત થાઓ.

(‘સુખની સુવર્ણચાવી’ પુસ્તકમાંથી)